# જામનગર સૈનિક સ્કુલ બાલાચડીમાં પ્રવેશ માટે અરજી કરી શકાશે

મહેસાણા, તા.૧

સૈનિક સ્કુલ બાલાચડી અંગ્રેજી માધ્યમની છોકરાઓની પબ્લીક શાળા છે. જેનો પ્રાથમિક ધ્યેય શૈક્ષણિક, શારીરિક અને માનસિક રીતે રાષ્ટ્રીય સુરક્ષા અકદામી પુર્ણે, રાષ્ટ્રીય નેવલ અકાદમી જોડાવવા અને ભારતીય સુરક્ષા દળના અધિકારી માટે તૈયાર કરવાનો છે. સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓને ચારિત્ર્ય, નેતૃત્વ, કામ પ્રત્યે સમર્પણની ભાવના, દેશભક્તિ અને દેશ સેવાના ગુણો કેળવાય તે માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

બાલાચડી સ્કુલમાં ધોરણ ૦૬માં પ્રવેશ માટે ૦૨ જુલાઈ ૨૦૦૬થી ૦૧ જુલાઈ ૨૦૦૭ની વચ્ચે તેમજ ધોરણ ૦૯ માં પ્રવેશ માટે ૦૨ જુલાઈ ૨૦૦૩ થી ૧ જુલાઈ ૨૦૦૪ વચ્ચે જન્મેલ હોવા જરૂરી છે. ભરેલા ફોર્મ ૦૭ ડિસેમ્બર સુધી આપી શકાશે. પરીક્ષા ફોર્મ માટેની ફી જનરલ કેટેગરી માટે રૂપિયા ૪૦૦ અને એસ. સી. એસ.ટી માટે રૂપિયા ૨૫૦ના દર નક્કી કરાયા છે.

આ અંગેના પરીક્ષા કેન્દ્રો આર્મી પબ્લીક સ્કુલ હનુમાન કેમ્પની બાજુમાં શાહિબાગ, સૈનિક સ્કુલ બાલાચડી તેમજ મહિધરપુરા ઈગ્લીંશ મિડીયમ અર્બન સ્કુલ સુરત ખાતે યોજાશે આ અંગેની વધુ માહિતી www.ssbalachadi.rog પર તેમજ ૦૨૮૯૩-૨૪૬૨૨૬ પર માહિતી મેળવી શકાશે તેમ લેફટન કર્નલ અને આચાર્ય દ્વારા જણાવાયું છે.



**વરવડા ચામુંડા માતાજી દેવસ્થાન ખાતે સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ સંપન્ન**

મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના વરવાડા ગામે ભારદ્વાજ ગોત્ર પરિવાર ચામુંડા કુળદેવી સેવા મંડળ દ્વારા પ્રથમ સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ યજ્ઞોપવિતમાં ૧૨ બટુકોએ જનોઈ ધારણ કરી હતી. યજ્ઞોપવિત કાર્યક્રમની શાસ્ત્રોક વિધિ જીતુભાઈ શાસ્ત્રી (વિસનગર) સિપોરવાળાના અધ્યક્ષ સ્થાને કરાઈ હતી. પ્રથમ વાર આયોજીત યજ્ઞોપવિતમાં ભુદેવો હાજર રહી બટુકોને આશીર્વાદ આપ્યા હતા તેમજ સંસ્થાનના પ્રમુખ દેવેન્દ્રભાઈ તેમજ મંત્રી અરવિંદભાઈ શુકલે જણાવ્યું હતું.

# સ્વાઈપ મશીનની માંગ વધી રહી છે

અમદાવાદ, તા.૧

કેશલેસ અર્થતંત્રની દિશામાં દેશ આગળ વધી રહ્યો છે ત્યારે રોકડની જંઝટમાંથી મુક્તિ મેળવવા માટે વેપારીઓ હવે કાર્ડ સ્વાઈપ મશીનને લઈને તપાસ કરી રહ્યા છે. નાના કારોબારીઓ પણ આવા સ્વાઈપ મશીન ગોઠવી દેવા માટે પ્રયત્નશીલ બન્યા છે.

સરકાર દ્વારા કરવામાં આવેલી નોટબંધીને કારણે કેશની ઝંઝટથી પરેશાન નાના-મોટા અનેક વેપારીઓમાં કાર્ડ સ્વાઈપ મશીનની માંગ વધી છે. શહેરમાં ૧૬૦૦થી વધારે જગ્યાએ નવા પીઓએસ (પોઈન્ટ ઓફ સેલ) મશીન લાગી ચુક્યા છે અને બેંકમાં પીઓએસ મશીન વિશે ઈન્કવાયરી થઈ રહી છે. શહેરના નાના દુકાનકારો પણ સ્વાઈપ મશીન અને ઈ-વોલેટ તરફ વળી રહ્યા છે. કેશની અછત વચ્ચે વેપારીઓ પીઓએસ સ્વાઈપ મશીન લાગવા માટે ઈન્કવાયરી કરવા લાગ્યા છે. શહેરના રિક્ષા એસોસિએશનના લોકો પણ પીઓએસ મશીનની ઈન્કવાયરી માટે આવ્યા હતા. રિક્ષા ચાલકોને પણ નોટબંધી પછી આવકમાં ઘટાડો થયો છે જેને લઈને રિક્ષામાં પીઓએસ મશન લાગવા માંગ થઈ હતી. શહેરમાં રિક્ષાઓની સંક્યા વધારે હોવાના કારણે ૩૦૦ જેટલી રિક્ષામાં પીઓએસ મશીન લાગવાની વાત અમે કરી છે, પરંતુ હજુ સુધી કોઈ એગ્રિમેન્ટ થયું નથી. જો તેઓ કહેશે તો પીએસઓ મશીન લગાવી આપવામાં આવશે.

# “ મારો મોબાઈલ.... મારી બેન્ક.... મારૂ પાકીટ-કેશલેસ વ્યવહાર એક સમજ

મહેસાણા, તા.૧

સમગ્ર દેશ કેશલેસ વ્યવહાર અપનાવવા આગળ આવી રહ્યો છે. વિવિધ બેન્કો દ્વારા વિવિધ એપ્લીકેશનો કેશલેસ વ્યવહાર કરવા માટે ખુલ્લી મુકાઈ છે. નેટબેન્કીંગ અને મોબાઈલ બેન્કીંગની પ્રધ્ધતિથી આપણે સો વાકેફ છીએ પરંતુ નાના મોટા વ્યવહાર કરવા માટે બેન્કો દ્વારા વિવધ એપ્લીકેશનનો મુકવામાં છે જેમાંથી થોડીક એપ્લીકેશનો વિશે જાણીએ

**યુપીઆઇ-**

યુપીઆઈ એટલે યુનીફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ જેમાં બેન્ક અથવા એ.ટી.એમ જોડે તમારો મોબાઈલ રજિસ્ટર કરાવવો પડે છે.આ ઉપરાંત તમારા મોબાઈલમાં યુપીઆઈ એપ્લીકેશન ડાઉનલોડ કરી તમારો અંગત પીન સેટ કરવો પડે છે. આ એપ્લીકેશનથી તમે કોઈ પણ જગ્યાએ કેશલેસ વ્યવહાર કરી શકો છો. જેમાં નાણાં મોકલી શકાય, લઈ શકાય, અને ક્યુઆર કોડ સ્કેન પણ કરી શકાય છે.

**ઇ-વોલેટ-**

ઈ વોલેટ એટલે તમારૂ પાકીટ. ઓનલાઈન બજારમાં ઘણા પ્રકારના ઈ વોલેટ ઉપલ્બધ છે. ઘણી બેન્કોની વિવિધ ઈ વોલેટ એપ્લીકેશનો ડાઉનલોટ કરી શકાય છે. એસ.બી.આઈની એસ.બી.આઈ બડી વોલેટ ડાઉનલોડ કરી મોબાઈલ સાથે રજિસ્ટર કરાવવું પડે છે. આ ઈ-વોલેટને ડેબીટ કાર્ડ, ક્રેકીટ કાર્ડ કે ઈન્ટરનેટ બેન્કીંગ સાથે જોડી શકાય છે.

**પીઓએસ-**

પી.ઓ એસથી નાણાં વ્યવહાર કરવા માટે ડેબીટ કાર્ડ કે ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં કાર્ડ સ્વાઈપ કરી આપણો અંગત પીન નાખી વ્યવહાર કરી શકાય છે જે નાણાં ઉધાર થયા હોય તેની પહોંચ પણ મળે છે. પીઓએસ વિવધ વેપારીઓ, સંસ્થાઓ, પેટ્રોલપંપો સહિત વિવિધ જગ્યાએ ઉપલ્બધ હોય છે.

# રાજ્યના મોટાભાગનાં શહેરોમાં ઠંડીમાં ઘટાડો

## અમરેલીમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી નોંધાયું

## નલિયામાં પણ તાપમાન વધીને ૧૪.૮ ડિગ્રી નોંધાયું

અમદાવાદ, તા.૧

દિલ્હી અને એનસીઆર સહિત ઉત્તર ભારતમાં ધુમ્મસની જોરદાર સ્થિતિ વચ્ચે આજે અમદાવાદ સહિત રાજયભરમાં મોટા ભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઉલ્લેખનિય વધારો થયો છે. ગઈકાલની સરખામણીમાં આજે લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર વધારો થયો હતો. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૩.૬ રહ્યું હતું. જ્યારે મહત્તમ તાપમાન ૩૩.૧ ડિગ્રી નોંધાયું હતું. આવી જ રીતે ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું હતું. વડોદરામાં લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી નોંધાયું હતું. જોકે આજે સૌથી ઓછુ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું. જ્યાં લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી થઈ ગયું હતું. નલિયામાં તાપમાન વધીને ૧૪.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આ સિઝનમાં વધુ સાવધાનીની જરૂર દેખાઈ રહી છે. બદલાતી સિઝનમાં શરદી, ઉધરસની તકલીફ વધારે જોવા મળે છે. અન્ય જગ્યાઓ ઉપર પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. જાણકાર લોકો માને છે કે, તાપમાનમાં સતત ફેરફારના લીધે લોકોની હાલત કફોડી બનેલી છે. દેશના કેટલાક ભાગોમાં તીવ્ર ઠંડીની શરૂઆત થઈ ચુકી છે. ખાસ કરીને રાજસ્થાનમાં જોરદાર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ત્યાં બપોર સુધી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. સિઝન બદલાવવાના કારણે સતત તાપમાનમાં ફેરફારના કારણે હાલમાં શરદી-ઉદરસ અને ફુડ પોઈઝિંગના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે.

વર્તમાન સિઝનમાં નિષ્ણાત તબીબો દ્વારા ખાસ કરીને બાળકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. નાના બાળકો બિમારીના સંકજામાં આવી રહ્યા છે. બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે. મોડી સાંજે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સવારના ગાળામાં લોકો હવે સાવચેતીના પગલાંરૂપે ગરમ વસ્ત્રોમાં જ નિકળવાનું પસંદ કરી રહ્યા છે. અમદાવાદ શહેરમાં પણ હવે મોડી સાંજે પણ લોકો ગરમ વસ્ત્રોમાં જ નજરે પડે છે. ઠંડીની શરૂઆત થયા બાદ સવારમાં વોકીંગ ઉપર જનાર લોકો અને કસરતની પ્રવૃત્તિમાં રહેલા લોકો પણ ગરમ વસ્ત્રોમાં જોઈ શકાય છે. વાયરલ ઈન્ફેકશનમાં કેસોમાં વધારો થયો છે. અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં હાલમાં ફરી એકવાર બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે.

# અમદાવાદમાં લાઈવ શસ્ત્રક્રિયા અને ટેબુ વિષયો પર ચર્ચા સાથે ૪ દિવસીય કોન્ફરન્સનું આયોજન

ગાંધીનગર, તા.૧

સ્ત્રીરોગ વિજ્ઞાન સેવાઓની વિશેષતાના યુગમાં નવા પડકારોનો ઉદ્‌ભવ થયો છે તેમાનું એક છે ફિમલ સેકસ્યુઅલ ડિસ્ફન્કશન સરળ શબ્દોમાં ફિમેલ સેકસ્યુઅલ ડિસ્ફન્કશન એટલે સ્ત્રીઓ ઉગ્ર ઉત્તેજનાનો અતિરેક અનુભવી શકતી નથી. આ એવો વિષય છે જેના પર ભારતીય ઉપખંડમાં ખુબજ ઓછી ચર્ચા કરવામાં આવે છે.

‘હું ઈચ્છુ કે ડિપાર્ટમેન્ટ ઓફ ગાયનેકોલોજી આઈકેઆરડીસી જે યુરોગાયનેક-૨૦૧૬’ કરી રહ્યું છે. તેને ભવ્ય સફળતા મળે. આ કોન્ફરન્સને ભૂતકાળમાં પણ ભવ્ય સફળતા મળી છે. આ સમયે ભારત અને વિદેશના પ્રસિદ્ધ શિક્ષકો દ્વારા ૨ દિવસ કામગીરી કરવામાં આવશે.’ આઈકેઆરડીસીના ડિરેક્ટર પદ્મશ્રી ડૉ. એચ.એલ. ત્રિવેદીએ જણાવ્યું.

તેથી વ્યવહારૂ અભિગમમાં યુરો ગાયનેકોલોજીના મુદ્દાઓને સમજવા અને તાજેતરની વિકાસ અને પ્રોસિજરને સમજવી ખૂબજ મહત્વનું છે. આ કોન્ફરન્સમાં વિશ્વના શ્રેષ્ઠ સર્જન રોબોટીક્સ, લેપ્રોસ્કોપી અને વર્જીનલી સર્જરી કરીને બતાવશે.

સમગ્ર દેશમાંથી ગાયનેકોલોજીસ્ટની લોકપ્રિયતા અને ગયા વર્ષની કોન્ફરન્સની સફળતાને કારણે આ કોન્ફરન્સ ફોજસીના વાઈસ પ્રેસિડેન્ટ અને (પ્રો. અને એચઓડી) ડૉ. વિનીત વી મિશ્રાની આગેવાનીમાં આઈકેઆરડીસી અમદાવાદ ખાતે આયોજીત કરવામાં આવી.

‘ગાયનેક સોસાયટી ઓફ ગાંધીનગર અને ફોજસી સાથે મળીને શૈક્ષણિક ફેસ્ટ યુરોગાયનેક૧૦૧૬’નું આયોજન કર્યુ છે. ૧ અને ૨ ડિસેમ્બર દરમિયાન ૪૦ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી લાઈવ સર્જરી કરશે. જીવનમાં એક વખત આવી તક મળે છે.’ ડૉ. વિનીત વી મિશ્રા ચીફ ઓર્ગોનાઈઝર, ફોસીના વાઈસ પ્રેસિડેન્ટ અને ફાઉન્ડર મેમ્બર ઓફ યુરોગાયનેક ઈન્ડિયાએ જણાવ્યું.

# ગુજરાત રાજ્યમાં દર વર્ષે એઈડ્‌સથી ૨૦૦૦નાં મોત

અમદાવાદ, તા.૧

આજે વર્લ્ડ એઈડ્‌સ દિનની ઉજવણી કરવામાં આવી હતી અને એઈડ્‌સને લઈને જાગૃતિ જગાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. આજે વિશ્વ એઈડ્‌સ દિવસે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં દર વર્ષે ૨૦૦૦ લોકોના મોત એઈડ્‌સના લીધે થઈ જાય છે. એચઆઈવી એઈડ્‌સના ૨૦૦૦ દર્દીઓ વર્ષે ગુજરાતમાં મૃત્યુ પામે છે. આ આંકડો ચોક્કસપણે ચિંતા ઉપજાવે તેવો છે. આ રોગથી સારવાર લીધા બાદ બચી જવાની શક્યતાઓ પણ વધી છે. આ જીવલેણ રોગથી બચવા માટે અને જગજાગૃતિ જગાવવાના પ્રયાસો દર વર્ષે હાથ ધરાય છે. આ વર્ષે વર્લ્ડ એઈડ્‌સ ડેના દિવસે જુદી થીમ રાખવામાં આવી હતી.

આ થીમ હેન્ડસઅપ ફોર એચઆઈવી પ્રિવેન્શન હતી. ઘણા બચી ગયેલા લોકો પણ આમાં જોડાયા હતા. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના આંકડા મુજબ ગુજરાતમાં ગયા વર્ષે ૨૧૫૫ એચઆઈવી પોઝીટીવના લોકો મૃત્યુ પામ્યા હતા. ૨૦૧૪-૧૫માં રાજ્યમાં એચઆઈવીના કારણે ૨૩૦૫ લોકોના મોત થયા હતા અને વર્ષ ૨૦૧૩-૧૪માં એઈડ્‌સના કારણે ૨૩૩૯ના મોત થયા હતા. એચઆઈવી સંબંધિત મોતની મોટી સંખ્યાના મામલામાં ગુજરાત દેશમાં પાંચમાં ક્રમાંકે છે.

ગુજરાત કરતા જે રાજ્યોમાં વધુ મોત થયા છે તેમાં આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુનો સમાવેશ થાય છે. નેશનલ એઈડ્‌સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ ગુજરાતમાં હાલમાં ૧.૬૬ લાખ લોકો એઈડ્‌સના રોગથી ગ્રસ્ત છે. એચઆઈવી પોઝીટીવના આંકડાને લઈને હંમેશા ચર્ચા રહી છે.

## ઈન્ડિયન મોટરસાઈકલ ભારતમાં પહેલીવાર લોન્ચ કરી રહી છે ઈન્ડિયન ચીફટેઈન ડાર્ક હોર્સ

અમદાવાદ, તા.૨૫

કાચ જેવા સ્મૂધ રસ્તાઓ અને રસ્તાઓથી અંદર ઊબડખાબડ સપાટી પર આરામદાયક સહેલ કરાવતા વાહનો બનાવવાના ક્ષેત્રની વિશ્વની ટોચની કંપની પોલારીસ ઈન્ડસ્ટ્રીઝ ઈન્કોર્પોરેશનની સંપૂર્ણ માલિકીની સબસિડિયરી પોલારીસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે આજે ગમે ત્યારે બાઈક પર દુનિયા ખૂંદવા નીકળી પડનારા લિજન્ડરી ફરંદાઓ માટે ભારતમાં સૌ પ્રથમ અમદાવાદ ખાતે ઈન્ડિયન ચીફટેઈન ડાર્ક હોર્સ બાઈક બજારમાં મૂકી છે. ચીફટેઈન ડાર્ક હોર્સ ખરીદનારાઓ પોતાની સુવિધા પ્રમાણેની એસેસરીઝ નખાવીને હાઈવે મસ્તીભરી સહેલ કરવા નીકળવાની મજા લઈ શકે છે. મેટ બ્લેક કલરની આ બાઈકમાં ક્રોમની થોડી છાંટ છે અને અઢળક ખાસિયતો ધરાવતી અને અમેરિકન એન્જિન વી-ટ્વિન ફિટ કરાયેલી મોટરસાઈકલ આજે માર્કેટમાં લોન્ચ કરવામાં આવી છે. બાઈક પરની ક્રોમની છાંટ દૂર કરી દેવામાં આવે તો પણ તે તેનો અદ્‌ભૂત લૂક દરેકનું ધ્યાન ખેંચે તે માટેના દરેક કારણો તેમાં મોજૂદ છે.

પ્રવાસના શોખીનો માટે ઈન્ડિયમ મોટર સાઈકલ હવે અમદાવાદના ક્રૂઝર માર્કેટમાં ઈન્ડિયન સ્પ્રિન્ગફિલ્ડ નું મોડેલ પણ લોન્ચ કર્યું છે. કંપનીએ સ્પ્રિન્ગફિલ્ડનું બુકિંગ લેવાનું પણ ચાલુ કરી દીધું છે. રાઈડિંગનો અનોખો અનુભવ કરાવતી આ બાઈકનું નામ ઈન્ડિયન મોટરસાઈકલના જન્મસ્થળ પરથી જ આપવામાં આવ્યું છે. કંપનીના મોટરસાઈકલના પોર્ટફોલિયોમાં આ એક બીજો વધારો છે. તેમાં અમેરિકન ક્રાફ્ટમેનશીપની એક અદકેરી ઝલક જોવા મળી રહી છે. પ્રવાસના શોખીનોને ધ્યાનમાં રાખીને વિશેષ ફિચર્સ તેમાં ઉમેરવામાં આવેલા છે, જેથી કોઈપણ જાતની ખલેલ વિના ઓપન રોડ પર તેઓ સરળતાથી પ્રવાસ કરી શકે છે.

ડાર્ક હોર્સ ફેમિલીની બાઈકની સીરીઝમાં વધારો કરવા માટે તેમાં ફેન્ડર્સ, ફૅરિંગ, ફ્યુઅલ ટેન્ક અને બૅગ બ્લેકડ આઉટ, ઈન્ડિયન મોટર સાઈકલનું ખાસ હેડ ડ્રેસ, ફોર્ક, મિરર, હેન્ડલ બાર, સ્વિચ ક્યુબ્સ અને ટર્ન સિગ્નલ, ટેન્ક કન્સોલ, એન્જિન અને એરબોક્સ કવર ઉપરાંત લૉઅર કંટ્રોલ, ફ્લોર બોર્ડ્સ અને ટેઈલ લાઈટને સાચવવા માટેની સુવિધા ધરાવે છે. ઈન્ડિયન સ્પ્રિન્ગફિલ્ડની ખાસિયતોની વાત કરતાં શ્રી પંકજ દુબેએ કહ્યું હતું કે ઈન્ડિયન સ્પ્રિન્ગફિલ્ડ તેમના બાઈક્સના પોર્ટફોલિયોમાંની એક શ્રેષ્ઠ બાઈક છે. પ્રવાસના શોખીને તેની રાઈડ આરામદાયક અનુભવ કરાવે છે. સર્વગ્રાહી આધુનિક ટેક્નોલોજીથી તૈયાર કરવામાં આવેલી આ બાઈકમાં કરવામાં આવેલું ક્લાસિક સ્ટાઈલનું મિશ્રણ શહેરી વિસ્તારમાં આ બાઈકને આકર્ષક બનાવે છે. આ બાઈક અમદાવાદમાં લોન્ચ કરવા પાછળનો મૂળભૂત હેતુ ભારતમાં ઈન્ડિયન મોટરસાઈકલના વિકાસને ઊંચી સપાટીએ લઈ જવાનો છે.

## ટેક્સ નહીં

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

આવેલી આવક અને બચત મારફતે ખરીદવામાં આવેલા સોના પર કોઈ ટેક્સ વસુલવામાં આવશે નહીં. આ ઉપરાંત યોગ્ય આવકના સંસાધનો અને કાયદાકીય રીતે ખરીદવામાં આવેલા સોના ઉપર પણ કોઈ ટેક્સ લાગુ થશે નહીં. નોટબંધી બાદથી એવી અટકળો ચાલી રહી હતી કે સરકાર ઘરમાં રહેલા સોનાને લઈને કેટલાક નિયંત્રણો લાગુ કરી શકે છે પરંતુ ગયા મહિને જ સરકારે સ્પષ્ટતા કરી હતી કે તે આવી કોઈ દરખાસ્ત ઉપર વિરણા કરી રહી નથી. એવી માહિતી આવી હતી કે નોટબંધી બાદ કેટલાક લોકોએ પોતાના કાળા નાણાંનો ઉપયોગ સોનાની ખરીદીમાં કરી લીધો છે. આ પ્રકારની માહિતી આવ્યા બાદ આ સ્પષ્ટતા કરવામાં આવી છે. સરકારે આજે ખુલાસો કરતા કહ્યું હતું કે જાહેર કરવામાં આવેલી અથવા તો કૃષિ આવક મારફતે ખરીદવામાં આવેલી જ્વેલરી ઉપર કોઈ ટેક્સ લાગુ થશે નહીં. લોકસભામાં હાલમાં જ ઈન્કમટેક્સ કાયદામાં સુધારા બિલ પાસ કરવામાં આવ્યું હતું. જેમાં કેટલીક કઠોર જોગવાઈઓને ઉમેરવામાં આવી હતી. હાલમાં આઈટી વિભાગ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી હતી. દરોડા પણ પાડવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે કેટલીક નવી જોગવાઈઓ ઉમેરાઈ છે.

## ચાર ગણો

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

ધોરણે ચાલી રહી છે. આરબીઆઈની માલિકીની જે કરન્સી પ્રિન્ટીંગ પ્રેસ છે તેમાં મૈસુર અને સલબોનીનો સમાવેશ થાય છે. જ્યારે સરકારી માલિકીની જે પ્રિન્ટીંગ પ્રેસ છે તેમાં નાસિક અને દેવાસનો સમાવેશ થાય છે. આ જગ્યાઓ ઉપર બે શીફટમાં કામ થતું હતું. જેની જગ્યાએ હવે ત્રણ શીફટમાં કામ થઈ રહ્યું છે. ૫૦૦ની નોટના પુરવઠાને વધારવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાયું છે. બેંકો અને એટીએમ ઉપર લાઈનો યથાવત રીતે જોવા મળી રહી છે. સમસ્યા હજુ ઉકેલાઈ નથી. રોકડ કટોકટીના પરિણામ સ્વરૂપે સ્થિતિ અકબંધ બનેલી છે. પગારના દિવસ શરૂ થઈ ચુક્યા છે ત્યારે સરકારી કર્મચારીઓના પગાર પણ બેંકોમાં જમા થઈ ચુક્યા છે. મહિનાના પહેલી અને બીજી તારીખે મોટાભાગે સરકારી કર્મચારીઓને પગાર ચૂકવવામાં આવે છે. સરકારી બેંકો સાથેના ખાતામાં ઘણી બધી ખાનગી કંપનીઓ જોડાયેલી છે. અન્ય બેંકોમાં સપ્લાયને સુધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. ૫૦૦ રૂપિયાની નોટ વધુ છાપવાની કામગીરી ચાલી રહી છે. પગારની માંગને ધ્યાનમાં લઈને ૨૦૦૦ની નોટથી એટીએમ ભરી દેવામાં આવ્યા છે તેમ સરકારી અને ખાનગી બેંકોના અધિકારીઓ દ્વારા કહેવામાં આવી રહ્યું છે પરંતુ હજુ સુધી સ્થિતિમાં સુધારો થઈ રહ્યો નથી.

## ભારે હોબાળો

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે જ્યારે વિમાનમાં પુરતા પ્રમાણમાં ફ્યુઅલ ન હતું ત્યારે એર ટ્રાફિક કંટ્રોલની જવાબદારી હતી કે વિમાનને વહેલી તકે ઉતરાણ કરવાની મંજુરી આપી દેવામાં આવે. ખડગેના કહેવા મુજબ મમતાની જાન સામે ખતરો હતો. બીજી બાજુ રાજ્યસભામાં પણ આ મામલાને લઈને જોરદાર હોબાળો રહ્યો હતો. નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિ રાજુએ કહ્યું હતું કે ઘટનાના દિવસે ત્રણ ફ્લાઈટોમાં ઓછા ફ્યુઅલ હોવાની બાબત સપાટી પર આવી છે. આ મામલામાં ડીજીસીએ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. રાજુએ કહ્યું હતું કે ઈન્ડીગોની ફ્લાઈટને ૩૦થી ૪૦ મિનિટ સુધી ઉડાન ભરવા માટે કહેવામાં આવ્યું હતું તે બાબત સાચી નથી. બીજી બાજુ કેન્દ્રિય મંત્રી અનંતકુમારે લોકસભામાં કહ્યું હતું કે મમતા અને અન્ય યાત્રીઓની સુરક્ષાને લઈને સરકાર બિલકુલ ગંભીર છે.

## બેઠક અનિર્ણિત

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને તેના દ્વારા પણ બીજી મિટિંગ માટે તૈયારી દર્શાવવામાં આવી છે ત્યારે આજની ચર્ચામાં જે વિષયો ચર્ચાયા છે તેની વિચારણા મુખ્યમંત્રી સમક્ષ, મોવડી મંડળ અને કેબિનેટમાં મુકાશે અને સોમવાર બાદ જરૂરી ચર્ચા પરામર્શ માટે બીજી બેઠક ક્યારે કરવી તે નક્કી કરાશે. ઉલ્લેખનીય છેકે, ગત સપ્તાહે રાજ્ય સરકારે સામે ચાલીને પાસના નેતા હાર્દિક પટેલને વાતચીત માટે આમંત્રણ આપ્યું હતું અને તે પછી હાર્દિક પટેલે ઉદેપુરમાં પાટીદાર અગ્રણીઓ સાથે વાતચીત કરી પોતાના તરફથી સરકાર સાથે મંત્રણા કરવા માટે દિનેશ બાંભણિયા, લલિત વસોયા સહિત ૧૧ કન્વીનરોની ટીમ બનાવી હતી જે પછી આજે સરકાર અને આ પ્રતિનિધિઓ વચ્ચે ગાંધીનગરમાં બેઠક યોજાઈ છે. બીજી તરફ એસપીજી જૂથના પાટીદાર નેતા લાલજી પટેલે આ બેઠકનો વિરોધ કર્યો છે અને કહ્યું હતું કે, પાટીદારોના એક જૂથ સાથે સરકાર બધો મામલો ઉકેલી શકે નહીં આ સમગ્ર પાટીદાર સમાજનો મામલો છે તેથી અમારી માંગણીઓને ધ્યાને નહીં લેવાય તો અમે વિરોધ કરીશું.

## પ્રથમ સેવા સેતુ કાર્યક્રમ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ સેવાસેતુ કાર્યક્રમમાં વ્યક્તીગત સેવાઓ અંગે અરજદાર અરજી કરી શકશે. જેમાં આવક, જાતિ, ક્રિમીલેયર, ડોમીસાઈલ પ્રમાણપત્ર, રેશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડને લગતી અરજીઓ, મા અમૃતમ અને વાત્સલ્ય કાર્ડના લાભાર્થી માટેની અરજીઓ, વરિષ્ટ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતાના પ્રમાણપત્ર, વિધવા સહાયની અરજીઓ, જન્મ-મરણના દાખલાઓની અરજીઓ જેવી અરજી કરી શકાશે.

મનપાનાસૂત્રોએ જણાવ્યુ છે કે કાર્યક્રમના સ્થળે આધારકાર્ડ માટે ખાસ કીટ રાખવામાં આવશે તેમજ બેંકો દ્વારા ઈ.પેમેન્ટ અંગેની લોકોને જાણકારી મળી રહે તે માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમને મળેલા સારા પ્રતિસાદ પછી સરકારે શહેરી વિસ્તારોમાં પણ આવા કાર્યક્રમો યોજવાનો નિર્ણય કર્યો હોવાથી મનપા દ્વારા પ્રથમ તબક્કામાં વોર્ડ નં. ૫ થી ૮નો આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.

## સ્વાઈપ મશીન અપાશે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યુ હતુ કે ઈ.ગ્રામ કેન્દ્રના ઘણા બધા કોમ્પ્યુટર સાહસિકો ઈ.વોલેટ કેવી રીતે બનાવી શકાય તેની જાણકારી ધરાવે છે. આ માટે ગ્રામ્ય સ્તરે પણ આવા જ વર્કશોપ યોજી ગ્રામીણ પ્રજાને ઈ.વોલેટ માટેની જાણકારી આપવામાં આવશે.

આ વર્કશોપ બેંકો દ્વારા જુદા જુદા ઈ.વોલેટ અંગેના નિદર્શન બતાવાયા હતા. એ.ટી.એમ. કાર્ડ ના હોય તો આધાર કાર્ડથી પણ ઈ.પેમેન્ટ થઈ શકે છે તેની સમજૂતિ પણ તલાટીઓને આપવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ’ ડિઝિટલ પેમેન્ટની દિશામાં ’ વિષય પર એક વર્કશોપનું આયોજન ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપને જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના હસ્તે ખુ?લ્લો મુકવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં તલાટીઓને ડિઝિટલ પેમેન્ટ અંગેની વિસ્તૃત માહિતી વિષય તજજ્ઞો દ્વારા આપવામાં આવી હતી.

વર્કશોપના આરંભે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું હતું કે, પરિવર્તનએ પ્રકૃતિનો નિયમ છે, મોબાઈલ જયારે બજારમાં નવા નવા આવ્યા,ત્યારે આપણને ખૂબ જ નવાઈ લાગતી હતી. આજે મોબાઈલ સામાન્યમાં સામાન્ય વ્યક્તિ પણ ખૂબ સરળતાથી વાપરી રહ્યો છે. મોબાઈલ આપણી જરુરિયાત બની ગયો છે. સ્માર્ટ ફોન અને ડિઝિટલ પેમેન્ટના ફાયદાઓ શું છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમજ ચલણી નાણાની નોટ છાપવામાં સરકારને કેટલો ખર્ચે થાય છે, તેવું કહી ડિઝિટલ પેમેન્ટનો વપરાશ વધતા શું શું ફાયદા થશે,તેની પણ વિસ્તૃત માહિતી આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈએ જણાવ્યું હતું કે, બ્લેકમનીની નાબુદી માટે આપણ સૌએ ડિઝિટલ પેમેન્ટનો વપરાશ વધારવો ખૂબ જ જરૂરી છે. આગામી સમયમાં રાજય સરકાર દ્વારા સરકારના નિયંત્રણ હેઠળની તમામ સેવાઓના નાણાં ઈ- પેમેન્ટથી સ્વીકારાવામાં આવશે, તે દિશામાં સુચારું આયોજન કરવામાં આવી રહ્યું છે, તેવું પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત આ ડિઝિટલ પેમેન્ટનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે આગામી સમયમાં ગામે ગામ ઈ- પેમેન્ટની સમજ આપવા વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે.

આ પ્રસંગે દેના બેંકના પ્રતિનિધિશ્રી દ્વારા ડિઝિટલ પેમેન્ટની વિવિધ સેવાઓ અને એપ્સ અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.